# તમામ રોગોની દવા બનાવતી ઝોટા કંપની ટૂંક સમયમાં આઈપીઓ બહાર પાડશે

સુરત, તા. ૩

તમામ રોગોની દવા બનાવતી ઝોટા હેલ્થકેર દ્વારા વિદેશમાં દવા એક્સપોર્ટ કરવા માટે આગામી દિવસોમાં આઈ.પી.ઓ બહાર પાડવાની તૈયારી હાથ ધરવામાં આવી છે.

આ અંગે યોજાયેલી પત્રકાર પરિષદમાં ઝોટા હેલ્થકેરના સી.એમ.ડી કેતન ઝોટાએ જણાવ્યુ હતુ કે તેમની કંપની સુરતમાં દવાનું ઉત્પાદન કરે છે અને હાલમાં પણ દેશ તેમજ વિદેશમાં દવાનો સપ્લાય કરે છે. પણ કંપની દ્વારા સચીન હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આગામી સમયમાં એક નવો પ્લાન્ટ ઉભો કરવામાં આવશે જેમાં ઉત્પાદીત થયેલી દવાને વિદેશ મોકલવામાં આવશે. જેના માટે કંપની દ્વારા આઈ.પી.ઓ પણ બહાર પાડવામાં આવશે. વધુમાં કેતન ઝોટાએ જણાવ્યુ હતુ કે મુળ સુરતની

## દવાઓને વિદેશમાં એક્સપોર્ટ કરવા સચિન હોજીવાલા ખાતે કંપની નવો પ્લાન્ટ શરૂ કરશે

આ કંપની દ્વારા હાલમાં ૭ અલગ-અલગ દવાઓની પેટન્ટ કરાવી લેવામાં આવી છે અને હાલમાં ૧૨ જેટલી અન્ય દવાની પેટન્ટ માટે રજુઆત કરી દેવામાં આવી છે.

ઝોટા કંપની દ્વારા તમામ રોગોની એલોપેથી, ન્યુટ્રાસ્યુટિકલ અને આયુર્વેદિક મળી કુલ ૩૨૦૦ જેટલી અલગ-અલગ પ્રોડક્ટનું નિર્માણ કરવામાં આવે છે.